લેન કેબલીંગ નું કામ,પેનલ પરના માન્ય
વેન્ડર દ્વારા જ કરાવવા બાબત.

ગુજરાત સરકાર
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ
પરિપત્ર ક્રમાંક એલ.એ.એન/૧૩૨૦૧૨/ /આઇટી
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૫/૦૩/૨૦૧૩

પરિપત્ર:-

રાજયમાં"ગુજરાત સ્ટેટ વાઇડ એરીયા નેટવર્ક"(GSWAN) ના સચિવાલય ઇન્ટીગ્રેટેડ કોમ્યુનિકેશન નેટવર્ક(SICN) ના અમલીકરની કામગીરી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હસ્તક હોઇ આ અંગે જરૂરી લેન કેબલીંગ ની કામગીરીમાં એકસૂત્રતા રહે તેમજ ભવિષ્યમાં ઊભા થનારા પ્રશ્નોનો સરળતાથી ઉકેલ થઇ શકે તે માટે આ વિભાગ દ્વારા ટેન્ડર પદ્ધતિ દ્વારા ઝોન વાઇઝ વેન્ડર નકકી કરવામાં આવેલ છે. અને તેઓ દ્વારા જ આ અંગેના કેબલીંગ ની કામગીરી હાથ ધરવાની રહે છે. તેમ છતાં આ વિભાગના ધ્યાન પર એ બાબત આવેલ છે કે કેટલાક વિભાગો/ કચેરીઓ દ્વારા જયારે જરૂરિયાત ઊભી થાય ત્યારે અથવા કચેરીના રીનોવેશન દરમ્યાન તેમના દ્વારા આ વિભાગનો પરામર્શ કર્યા સિવાય બારોબાર જીસ્વાન તથા એસ.આઇ.સી.એનના લેન કેબલીંગની કામગરી , આ વિભાગના પેનલ પરના માન્ય વેન્ડર સિવાય આવી કામગીરી બારોબાર,અન્ય વેન્ડર પાસે કરાવવામાં આવે છે.

૨. વિભાગના પેનલ પરના માન્ય વેન્ડર સિવાય આવી કામગીરી અન્ય વેન્ડરો પાસે કરાવતા ઘણીવાર નીચેના પ્રશ્નો ઉદભવેછે.

૧.ખાનગી વેન્ડર દ્વારા કેબલના બન્ને છેડાનું ટેગીંગ થતુ નથી.

૨. ખાનગી વેન્ડર મેનેજેબલ સ્વીચની જગ્યાએ અનમેનેજેબલ સ્વીચ વાપરે છે. જેના લીધે ફ્લેપીંગ ના ઇસ્યુ થાય છે. અને પોર્ટ લેવલનો કન્ટ્રોલ મુશ્કેલ બનતા જીસ્વાનના પરફોર્મન્સ પર અસર થાય છે.

૩. ખાનગી વેન્ડર દ્વારા યોગ્ય નેટવર્ક ડાયાગ્રામ તૈયાર કરાતા નથી જે ભવિષ્યમાં મરામતમાં અડચણ ઊભી કરે છે. અને વધારે સમય નો બગાડ થાય છે.

૪. ખાનગી વેન્ડર સિસ્ટમ/સ્વીચ/હબ તે આઇપી એડ્રેસ એસાઇન કરતા નથી આથી મરામત માં અડચણ ઊભી થાય છે તેમજ વધારે સમયનો બગાડ થાય છે.

૫. કેબલનું કન્ડીકટીંગઅને કન્સીલીંગ,ખાનગી વેન્ડર દ્વારા બરાબર કરવામાં આવતું નથી.

૬. ખાનગી વેન્ડર યુઝર આઇ.ડી,પાસવર્ડ અને પ્રોપર આઇપી એડ્રેસ, જેતે યુઝર ને આપતા નથી, જે સેન્ટ્રલ હેલ્પ ડ્રેસ્ક માટે પર ફરિયાદ નોંધવવા વખતે પ્રશ્નો ઊભા કરે છે.

૭. પ્રાઇવેટ વેન્ડર દ્વારા અનઅધિકૃત આઇપી એડ્રેસ આપવામાં આવે છે. જેના લીધે આઇપી કન્ફલીકટના પ્રોબ્લેમ ઉભા થાય છે. તેમજ આઇપી એડ્રેસનો ડેટાબેઇઝ ટ્રેક કરવામાં મુશ્કેલી ઊભી થાય છે. તદપરાંત આ બાબત આઇટી એકટ ૨૦૦૮ હેઠળ ગુનો બને છે.

નથી.

૯. પ્રાઇવેટ વેન્ડર, જેતે નિર્ધારીત કરેલી કવોલીટી બ્રાન્ડના મટીરીયલ વાપરતા નથી.(જે DST દ્વારા સ્ટાન્ડર્ડાઇઝ કરાયેલ છે.)

૧૦. યુઝર ને કોણે કેબલીંગ કરેલ છે એ ખબર હોતી નથી અને તે કોઇ પણ પ્રોબ્લેમ માટે સીધીજ જીસ્વાન હેલ્પડેસ્ક પર ફરિયાદ નોંધાવે છે.

૧૧. ખાનગી વેન્ડર દ્વારા કરાયેલ કેબલીંગની ફરિયાદ એમપેનલ્ડ વેન્ડરને એસાઇન્ડ કરી શકાતી નથી

3. ત્યારબાદ આવા લેન કેબલમાં ,મેન્ટેનન્સ ,શીફ્ટીંગ આઇપી એડ્રેસ,યુઝર આઇ.ડી,પાસવર્ડ તથા નવા જોડાણ વગેરે જેવા પ્રશ્નો ઉપસ્થિત થતાં તેવી કામગીરી માટે તે વિભાગ /કચેરી દ્વારા આ વિભાગ સમક્ષ દરખાસ્ત કરવામાં આવે છે. જે તે વખતે કચેરી/વિભાગે લેન કેબલીંગનું કામ બારોબાર પેનલ પરના માન્ય વેન્ડર સિવાય કરાવ્યું હોઇ આવા કેબલીંગના નકશાના અભાવે આવી કામગીરી આ વિભાગ દ્વારા હાથ ધરવામાં, તેમાં ઊભા થયેલ ફોલ્ટ શોધવામાં તથા તેની મેન્ટેનન્સ ની કામગીરીમાં આ વિભાગ તેમજ પેનલ પરના વેન્ડરના સમય-શકિત નો વય થાય છે. અને સરકારી નાણાનો પણ વ્યય થાય છે. આથી સચિવાલયના સર્વે વિભાગોતથા તેમના નિયંત્રણ હેઠળના તમામ ખાતાના વડાની કચેરીઓ તેમજ તમામ ક્ષેત્રીય કચેરીઓને જીસ્વાન તથા એસ.આઇ.સી.એનના લેન કેબલીંગ કોઇ પણ પ્રકાર ની કામગીરી આ વિભાગ ના પરામર્શ કર્યા સિવાય હાથ નહિ ધરવા આથી સૂચના આપવામાં આવે છે. અન્યથા વિભાગ/કચેરી દ્વારા હવે પછી આવી લેન કેબલીંગની બારોબાર હાથ ધરવામાં આવતી કામગીરી માં ઊભા થતાં ફોલ્ટ સંદર્ભે તેઓએ બારોબાર દુરસ્તી/મેન્ટેનન્સની કાર્યવાહી કરવાની રહેશે.

(જયદિપ દ્વિવેદી)
નાયબ સચિવ(આઇ.ટી)
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

પ્રતિ,નામદાર. રાજયપાલશ્રીના સચિવશ્રી,રાજભાવન,ગાંધીનગર.
માન.મુ.મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
અ.મુ.સચિવશ્રી,વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.

- સચિવશ્રી ,ગુજરાત વિજીલન્સ કમિશન,ગાંધીનગર.
- સચિવશ્રી,ગુજરાત જાહેર સેવાઆયોગ,અમદાવાદ.

સચિવશ્રી,ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.

- રજીસ્ટ્રરશ્રી,ગુજરાત હાઇ કોર્ટ,અમદાવાદ.
  સચિવશ્રી ,ગુજરાત સિવિલ સર્વિસ ટ્રિબ્યુનલ,ગાંધીનગર.
  સર્વે ખાતાના વડાશ્રીઓ.
  સર્વે કલેકટરશ્રીઓ.
  સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
  વિભાગની સર્વે શાખાઓ વિ.અને પ્રૌ.વિભાગ,સચિવાલય,ગાંધીનગ.
  સિલેકટ ફાઇલ.
- પત્ર દ્વારા